GJKT090004262021

| | | | |
|---|---|---|---|
| **કેસ દા. થયા તારીખ** | **૨૨** | **૦૩** | **૨૦૨૧** |
| **કેસ રજી. થયા તારીખ** | **૨૨** | **૦૩** | **૨૦૨૧** |
| **કેસ ફેંસલ થયા તારીખ** | **૧૯** | **૦૫** | **૨૦૨૬** |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૫** | **૦૧** | **૨૭** |

**ભચાઉ એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, મુ. ભચાઉ–કચ્છ.**

**ક્રિમીનલ કેસ નં. ૨૮૭/૨૦૨૧**

**આંક– ૨૨**

ફરીયાદી:– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

તાહોમતદાર:–(૧) અજયભાઈ હિમંતભાઈ ચૌહાણ,
ઉ.વ. ૨૦, ધંધો– મજુરી,
રહે. જંગી રોડ, સામખીયારી, તા.ભચાઉ–કચ્છ.

(૨) મુળજી ઉર્ફે વાલા નશાભાઈ છાંગા,
ઉ.વ. ૨૩, ધંધો– મજુરી,
રહે. મોરી વિસ્તાર, સામખીયારી, તા. ભચાઉ–કચ્છ.

(૩) હિતેન્દ્રસિંહ ઉર્ફે હેતુભા નવલસિંહ જાડેજા,
ઉ.વ. ૨૮, ધંધો– ખેતી,
રહે. વામકા, તા. ભચાઉ–કચ્છ.

ગુનો:– **પ્રોહી. એકટની કલમ: ૬૫ (એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબ.**

---

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.આર. સૈયદ
આરોપીપક્ષ તરફે વિ.વકીલશ્રી એમ.ડી.જાડેજા

---

**:: જ જ મે ન્ટ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૧૦/૦૬/૨૦૨૦ ના રોજ કલાક ૨૩:૨૦ થી ૨૩:૫૦ વાગ્યા દરમિયાન સામખીયારી જુના બસ સ્ટેશન પાસે રોડ ઉપર સામખીયારી, ભચાઉ-કચ્છ. આ કામના આરોપીઓ નં.(૧) તથા (૨) એ એકબીજાની મદદગારીથી ૫૦૦ એમ.એલ.વાળા બીયર ટીન નંગ-૦૫ જે એક બીયર ટીનની કિં.રૂા. ૧૦૦/- ગણી ૦૫ બીયર ટીનની કુલે કિં.રૂા. ૫૦૦/- પ્રોહી મુદ્ધામાલ ગે.કા. રીતે વગર પાસ પરમીટે પોતાના કબજામાં રાખી ગુન્હો કરેલ હોય આરોપીઓ વિરૂદ્ધ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ- ૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબનો ગુનો નોંધી ગુનાનું ચાર્જશીટ સામખીયારી પોલીસ સ્ટેશન તરફથી રજુ કરેલ.

(૨) ચાર્જશીટ દાખલ થયેથી આરોપીને અત્રેની અદાલતમાં હાજર રહેવાનાં સમન્સ કરતાં જે તેઓને બજી જતાં આરોપી હાજર થતાં, પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આ કેસ અત્રેની કોર્ટમાં ચલાવવાની સત્તા છે તે બાબતે બન્ને પક્ષો વચ્ચે કોઈ તકરાર નથી. વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટ ક્રિ.મિસ.એપ્લીકેશન નં. ૮૮૯૨/૨૦૧૮ જયંતીભાઈ મગનભાઈ ડામોર વિરૂદ્ધ ગુજરાત રાજયના ચુકાદામાં આ પ્રકારના કેસ ચલાવવાની સત્તા હોઈ આ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. આરોપી સામે તહોમતનામું ફરમાવ્યાં બાદ પ્લી નોંધતાં, આરોપીએ તેમની સામેના હાલના ગુનાનો ઈન્કાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**-: મૌખીક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી જયકિશન જશુભા ઝાલાની જુબાની | ૧૦ |
| ૨. | એફ.આઈ.આર.ની પ્રમાણિત નકલ | ૧૧ |
| ૩. | પંચ રમેશભાઈ મેપાભાઈ બાળાની જુબાની | ૧૪ |
| ૪. | પંચનામું | ૧૫ |
| ૫. | પંચ રાહુલભાઈ વાલજીભાઈ બાળાની જુબાની | ૧૯ |
| ૬. | ફરીયાદી નિર્મળસિંહ વદુજી રહેવરની જુબાની | ૨૧ |

(૪) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદપક્ષ તરફે વધુ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને રજુ કરવા માટે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યાબાદ ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ અન્વયે તહોમતદારનું વિશેષ નિવેદન નોંધતા તહોમતદારએ તેમના વધારાના નિવેદનમાં ગુનાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓ નિર્દોષ છે અને ફરીયાદીએ ખોટી ફરીયાદ આપેલ છે તેવી રજુઆત કરેલ છે અને આ સિવાય અન્ય કોઈ હકીકત જણાવેલ નથી. તહોમતદાર તરફે બચાવમાં કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ બન્ને પક્ષકારોની દલીલો સાંભળી કેસ આખરી નિર્ણય માટે રાખવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :– શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તા. ૧૦/૦૬/૨૦૨૦ ના રોજ કલાક ૨૩:૨૦ થી ૨૩:૫૦ વાગ્યા દરમિયાન સામખીયારી જુના બસ સ્ટેશન પાસે રોડ ઉપર સામખીયારી, ભચાઉ–કચ્છ. આ કામના આરોપીઓ નં.(૧) તથા (૨) એ એકબીજાની મદદગારીથી ૫૦૦ એમ.એલ.વાળા બીયર ટીન નંગ–૦૫ જે એક બીયર ટીનની કિં.રૂા. ૧૦૦/– ગણી ૦૫ બીયર ટીનની કુલ્લે કિં.રૂા.

૫૦૦/– પ્રોહી મુદ્દામાલ ગે.કા. રીતે વગર પાસ પરમીટે પોતાના કબજામાં રાખી આરોપીઓએ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ– ૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ :– શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– નકારમાં.

મુદ્દા નં.૨ :– આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદોને સોગંદ પર તપાસવામાં આવેલા છે. સદરહું પંચોએ પંચનામામાં સહી સિવાયની હકીકતોને સમર્થન આપેલ નથી અને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને ફરીયાદપક્ષે કરાયેલ ઉલટતપાસમાં પણ પંચનામાને સમર્થનકારી હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ, રજુ પંચનામાના પંચોના પુરાવાથી પંચનામાની હકીકતો તેની વિગતે પુરવાર થતી નથી.

(૮) આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ફરીયાદી એ સોગંદ પરની જુબાનીમાં મુખ્ય હકીકત જણાવેલ છે કે, તા. ૧૦/૦૬/૨૦૨૦ ના રોજ કલાક ૨૩:૨૦ થી ૨૩:૫૦ વાગ્યા દરમિયાન સામખીયારી જુના બસ સ્ટેશન પાસે રોડ ઉપર સામખીયારી, ભચાઉ–કચ્છ. આ કામના આરોપીઓ નં.(૧) તથા (૨) એ એકબીજાની મદદગારીથી ૫૦૦ એમ.એલ.વાળા બીયર ટીન નંગ–૦૫ જે એક બીયર ટીનની કિં.રૂા. ૧૦૦/– ગણી ૦૫ બીયર ટીનની કુલ્લે કિં.રૂા. ૫૦૦/– પ્રોહી મુદ્દામાલ ગે.કા. રીતે વગર પાસ પરમીટે પોતાના કબજામાં રાખી ગુન્હો કરેલ છે. તેઓ વિરૂદ્ધ શ્રી સરકાર તરફે તેઓએ ધોરણસર થવા ફરીયાદ આપેલી. તેઓને એફ.આઈ.આર.ની પ્રમાણિત નકલ બતાવવામાં આવે છે. તે જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે. જે

તેઓ ઓળખે છે.

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, પોલીસ ડ્રાઈવ હોઈ એટલે અમુક પ્રોહિના કેસ કરવા પડે. પેટ્રોલીંગમાં નીકળીએ ત્યારે વાહનના લોગબુકમાં નોંધ કરવાની હોઈ છે. બનાવસ્થળ પર સામખીયાારી ચાર રસ્તા હોઈ જેથી ત્યાં વાહનો તથા માણસોની સતત અવર–જવર રહેતી હોઈ છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ પંચોને કયાંથી લઈ આવ્યા, કયારે લઈ આવ્યા તે બાબતનો ઉલ્લેખ તેઓની ફરીયાદમાં કરેલ નથી. તેઓની ફરીયાદમાં પંચોના નામ, સરનામાં જણાવેલ નથી. સિવાય આરોપીઓના બચાવની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૯) આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ત.ક.અ. એ સોગંદ પરની જુબાનીમાં મુખ્ય હકીકત જણાવેલ છે કે, તા.૧૦/૦૬/૨૦૨૦ ના રોજ પો.કોન્સ.જયકિશનસિંહ ઝાલા તથા પો.કોન્સ કેતનકુમાર કલાક–૨૩:૧૦ વાગ્યે સામખીયારી જુના બસ સ્ટેન્ડ પાસે વાહન ચેકીંગ કરતા હતાં તે સમયે એક મો.સા.શંકાસ્પદ હાલતમાં આવતું જોવામાં આવેલ જેથી તેને હાથનો ઈસારો કરી ઉભો રાખી મો.સા.પાછળ બેઠેલ ઈસમના હાથમાં એક કાળા કલરનું ઝબલું પ્લાસ્ટીમાં જે ઝબલુ લાઈટના અજવાળામાં ચેક કરતાં તેમા માઉન્ટ–૬૦૦૦ વાળી બીયર ટીન નંગ–૫ જોવામાં આવેલ જેથી જયકિશનસિંહએ મોબાઈલથી હકીકતની જાણ કરી તેઓને બોલાવેલ અને જેથી તેઓ સરકારી વાહન સાથે સ્થાનિક જગ્યાએ આવેલ અને તેઓને હકીકતની સમજ થતાં નજીકમાંથી રાહદારી પંચોને બોલાવી લાવવા જણાવેલ જેથી બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજ કરી અટક કરેલ બે ઈસમનોના નામ પુછતાં મો.સા. સવારે પોતાનું નામ અજય હિમત ચૌહાણ હોવાનું જણાવેલ અને પાછળ બેઠેલ ઈસમને નામ પુછતાં તેણે તેનું નામ મુળજી ઉર્ફે વાલા

નશા છાંગા હોવાનું જણાવેલ બાદમાં પ્લાસ્ટીકના ઝબલામાંથી મળી આવેલ બીયરના ટીન નંગ–૫ જેની ઉપર અંગ્રેજીમાં માઉન્ટ–૬૦૦૦ સુપર સ્ટ્રોન્ગ બીયર લખેલ ૫૦૦ એમ.એલ.ના નંગ–૫ મળી આવેલ જેથી મચકુર બંને ઈસમો પાસે પાસ–પરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ તેથી એક બીયર ટીનની કી.રૂા.૧૦૦ ગણી કુલ કિ.૫૦૦ ગણી તેમાંથી એક નંગને એફ.એસ.એલ. તપાસણી અર્થે કાઢી લઈ પંચોની સહીવાળી કાપલી લગાવી પી.એસ.આઈ. સામખીયારીના હોદ્ધાનું શીલ કરી કબજે કરેલ અને આ આરોપીઓને કયાંથી આ બીયર લાવેલ તે અંગે પુછતા તેમણે જણાવેલ કે, વામકા ગામના હેતુભા જાડેજા પાસેથી લાવેલ હોવાનું જણાવેલ અને આ બીયર તેઓ પીવા માટે મંગાવેલ હતાં. આ અંગેનું વિગતવારનું પચનામું કલાક–૨૩:૨૦ થી ૨૩:૫૦ સુધીનું કરી મજકુર ઈસમોની અટક કરેલ અને આ કામે જયકિશનસિંહ ઝાલાએ તેઓની રૂબરૂ ફરીયાદ આપેલ તેઓને આંક–૧૧ વાળી ફરીયાદ બતાવમાં આવે છે જેમાં તેઓની સહી છે. આ કામે તેઓએ સ્થળપર પંચનામું કરેલ તેથી આંક–૧૫ વાળું પચનામું બતાવમાં આવે છે તેમાં તેઓની રૂબરૂ પંચોની તથા તેઓની સહી છે. આ કામે આરોપીઓને તેઓ જોચે ઓળખે છે. આજરોજ આરોપીઓ હાજર નથી આરોપીઓનું હાજરી માફી રીપોર્ટ રજુ.

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં ત.ક.અ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, બનાવ રાત્રી દરમિયાન બનેલ. ફરીયાદમાં પંચોના નામ,સરનામા જણાવેલ નથી. ફરીયાદમાં સરકારી વાહનના નંબર જણાવેલ નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યા વાહનો તથા માણસોની અવર–જવરવાળી છે. આરોપીઓનો ઓળખ અંગેના કોઈ દસ્તાવેજી પુરાવાઓ તેઓએ કબજે કરેલ નથી. સ્થળ પર કબજે કરેલ વાહનની માલિકી અંગેના કોઈ દસ્તાવેજી આધારો તેઓએ

કબજે કરેલ નથી. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કામના ફરીયાદી તેઓના સ્ટાફના કર્મચારી છે. આ સિવાય આરોપીઓના બચાવની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૧૦) ઉપરોકત તપાસવામાં આવેલા પંચો સિવાયના સાહેદ પોલીસ સાહેદ છે. આ કામે ફરીયાદીએ જણાવેલ છે કે, પંચોની હાજરીમાં રેડ કરી મુદ્દામાલ વિદેશી દારૂ કબજે કરેલ, પરંતુ આ કામે જે પંચોને તપાસવામાં આવેલા છે તેઓએ પંચનામાની હકીકતને કે બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને આ પંચોએ જુબાનીમાં જણાવેલ છે કે, તેઓની પોલીસે તૈયાર પંચનમામાં સહી લીધેલ અને પંચનામાં અંગે કોઈ માહિતી નથી. આ પંચોની જુબાનીથી પંચનામાની કાર્યવાહી તથા ઝડતી અને જપ્તી કાર્યવાહી પુરવાર થતી નથી. રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે બનાવવાળી જગ્યાએ સરળતાથી પોલીસ સાહેદ સિવાયના સાહેદો મળી રહે તેમ હતાં તેમ છતાં ત.ક.અ.એ ચાર્જશીટમાં બતાવેલ નથી. ત્યારે આ સંજોગોમાં માત્ર રજુ પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપીને ગુનાની હકીકત સાથે સાંકળવા ન્યાયીક જણાતું નથી.

આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ સુરેશભાઇ એસ. પટેલ જી.એચ.જે ૨૦૧૧ ભાગ ૨૬ પાના નં. ૧</u>** નો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો, તેમાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ કે જો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઇલ જાહેર થવાથી પણ પઝેશન–જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ Beyond reasonable doubt પુરવાર થઇ શકે નહી અને નામદાર હાઈકોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકરતાં ચુકાદાને યથાર્થ ઠેરવેલ. સદર કેસમાં પંચોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી ખુદ ફરીયાદપક્ષ તે નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, કથીત મુદ્દામાલ

આરોપીના સભાનપણાના કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે કે કેમ? આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ થયેલ હોવાનું જણાય છે જેથી તેનો લાભ આરોપીને આપવાપાત્ર થાય છે.

વધુમાં, નામદાર સુપ્રિમકોર્ટે **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં. ૮૫ પ્રિસ્દ્ધ કેસ સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશનના** ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતીપાદિત કરેલ સિદ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાની ફોર્માલિટી પુરી કરવી જરૂરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

હાલના કેસમાં મુખ્ય મહત્વના પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાથી પણ ક્રિમીનલ જયુરીશ્પૃડંશ મુજબ કેસ નિ:શંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી.

(૧૧) આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોઈ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાં ન્યાયોચિત જણાતું હોઈ, મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપીને ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ– ૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબના ગુનામાંથી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પ્રોહીનો અપીલ સમય વિત્યે નાશ કરવો. તથા આ કામે કબજે કરેલ વાહન તથા મોબાઈલ સંબંધે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે આખરી ગણવાનો રહેશે અને જો ન થયેલ હોય તો અપીલ સમય વિત્યે મુળ માલિકીની ખરાઈ કરી પરત સોપવો.

૩. આરોપી તરફે અગાઉ આપેલ જામીન ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૪૩૭(એ) અન્વયે આ હુકમથી ૬(છ) માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૯, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૯/૦૫/૨૦૨૬
મું. ભચાઉ–કચ્છ.

(નરેશકુમાર રામજીભાઇ પટેલ)
**GJ-01417**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભચાઉ–કચ્છ.